


## સોસાયટીઓ અને સ્કૂલોનો પાણીનો બગાડ ન કરવા નિર્ણય

# પાણી નહીં માત્ર ગુલાલથી ધુળેટી ઊજવવાનો શહેરીજનોનો સંકલ્પ

### પાણીનો બગાડ કરનારા પાસેથી ₹100થી 200નો દંડ વસૂલાશે

શૈલેષ પ્રજાપતિ . અમદાવાદ

આસૂરી શક્તિ પર શ્રદ્ધાના વિજયનું પર્વ હોળી અને રંગોત્સવ ધૂળેટીની ઉજવણી માટે તહેવારપ્રેમીઓ થનગની રહ્યા છે. ધૂળેટીમાં રંગની સાથેસાથે પાણીથી રંગવાની પરંપરા વર્ષો જૂની છે. એક તરફ પીવાનાં પાણી માટે લોકોને ટળવળવું પડે છે ત્યારે ઉજવણીના ઉન્માદમાં હજારો લીટર પાણીનો બગાડ થતો હોય છે. જોકે, થોડાં વર્ષોથી અનેક જાગ્રત લોકોએ પાણીનો ઉપયોગ કર્યા વિના હોળી-ધૂળેટીનો તહેવાર ઉજવવાનો ચીલો ચાતર્યો છે. આ વર્ષે પણ અમદાવાદની કેટલીક સોસાયટી અને સ્કૂલોમાં માત્ર ગુલાલથી જ ધૂળેટી રમવાનો સંકલ્પ કર્યો છે. સાથેસાથે પાણીનો બગાડ કરનાર પાસેથી દંડ વસૂલવાનો પણ નિર્ણય લેવાયો છે. નિકોલ વોર્ડની અક્ષર રેસીડેન્સના રહીશોએ પાણીનો બગાડ ન કરવાનો નિર્ણય લીધો છે. ચૅરમેન વિજય ઢોલરિયાએ જણાવ્યું હતું કે, આ નિર્ણય લીધા પછી પણ કોઈ રહીશ પાણીનો બગાડ કરશે તો દંડ પેટે 200 રૂપિયા વસૂલવામાં આવશે. એટલું જ નહીં, અન્ય લોકોને પ્રેરણા મળે તે માટે સોસાયટીના મેઈન ગેટ ઉપર આ સંદેશો લખેલું બેનર લગાવ્યું છે. એ જ રીતે, ઈસનપુરની મહેચ્છા કો-ઓપરેટિવ સોસાયટીમાં પણ કુદરતી રંગથી જ ધૂળેટી પર્વ ઉજવવાનો નિર્ણય લેવાયો છે. સોસાયટીના ચંદ્રકાન્ત પટેલે કહ્યું હતું કે હોળી-ધૂળેટીના પર્વમાં કુદરતી રંગનો ઉપયોગ કરવા અને પાણીનો બગાડ ન થાય તે રીતે ઉત્સવની ઉજવણી કરવા તમામ સભ્યોએ સંમતિ દર્શાવી છે. ઉપરાંત પાણીનો બગાડ કરનારા રહીશ પાસેથી 100 રૂપિયાનો દંડ વસૂલવાનો નિર્ણય લેવાયો છે. વસ્ત્રાલસ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ અને શ્રી હરિ શીશુ વિદ્યાવિહારના આચાર્ય અશ્વિનભાઈ સાપાવાડિયાએ જણાવ્યું હતું કે, અમે ગુરુકુળમાં માત્ર ગુલાલ અને કેસૂડાના રંગથી જ ધૂળેટી ઉજવીએ છીએ. વધુમાં ધૂળેટીમાં પાણીનો બગાડ ન કરે અને ગુલાલ લગાવીને ઉજવણી કરે, તેવો સંકલ્પ બાળકોને લેવડાવીએ છીએ.

**પહેલ | હોળીમાં પાણીનો બગાડ ન કરવાના શપથ**








નિકોલની અક્ષર રેસિડેન્સના રહેવાસીઓ ઉપરાંત એક સિમેન્ટ કંપનીના વેપારીઓ તથા ઘોડાસરની મહેચ્છા સોસાયટીના લોકોએ તિલક હોળી ઊજવવાનો સંકલ્પ લીધો હતો.

## સિમેન્ટ કંપનીએ પાણી ન વેડફવા સંકલ્પ અપાવ્યા

ભાસ્કર ગ્રૂપ દ્વારા પાણી બચાવો અભિયાન અંતર્ગત તિલક હોળી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં તિલક હોળીના પ્રયાસને જુદી જુદી સંસ્થાનો ટેકો મળી રહ્યો છે. એક સિમેન્ટ કંપનીએ સોમવારે બોપલ ખાતે પોતાના વેપારીઓ માટે હોળી ઉજવણીનો કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં આવેલા વેપારીઓએ હોળી-ધુળેટીના દિવસે પાણીનો બગાડ નહીં કરવા અને તિલક હોળી ઊજવવાનો સંકલ્પ કર્યો હતો. દિવ્ય ભાસ્કરના તિલક હોળી અને પાણી બચાવ અભિયાન સાથે અનેક સંસ્થાઓ આગળ આવી છે. અંબુજા સિમેન્ટ કંપની દ્વારા પોતાના વેપારી મિત્રો માટે શહેરના આંબલી પાસેના પુષ્પક ફાર્મ ખાતે હોળી-ધુળેટીની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ, ગાંધીનગર અને ખેડાથી 1500 જેટલા ડીલર પરિવારોએ હોળી-ધુળેટીમાં પાણીનો બગાડ નહીં કરવાનો સંકલ્પ લીધો હતો.

# રાજ્યને કેન્દ્રે 1.06 લાખ કિલો લિટર કેરોસીન ઓછું આપ્યું

ભાસ્કર ન્યૂઝ. ગાંધીનગર

રાજ્યમાં કેરોસીનની સ્થિતિ કેવી છે તે બાબતનો ચિતાર આજે ગૃહમાં બહાર આવ્યો હતો. કેરોસીનની છેલ્લા બે વર્ષમાં રાજ્યની જરૂરિયાત 14,38,607 કિલોલિટરની હતી. કેરોસીનની જરૂરિયાત સામે કેન્દ્ર સરકારે 1,06,487 કિલોલિટર જથ્થો ઓછો પૂરો પાડતા કેન્દ્રની સરકારે વધુ એક અન્યાય કર્યો હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસના ધારાસભ્ય પૂંજાભાઇ વંશે એવો પ્રશ્ન કર્યો હતો કે તા. 31 ડિસેમ્બર, 2015ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેરોસીનનો કેટલો જથ્થો જોઈએ છે અને તેની સામે કેન્દ્ર સરકારે કેટલો જથ્થો પૂરો પાડ્યો હતો.




**Hemchandracharya North Gujarat University, Patan**
**( Narsinhbhai Patel Dental College & Hospital)**
S. P. Sahakar Vidyadham, Kamana Crossing, Ambaji Road, Visnagar-384315 (N.G.)
Phone No. :(02765) 222271, 222272, Fax No.(02765) 233008
www.ngu.ac.in website: www.npdch.edu.in

**ADMISSION NOTICE**
**P.G. DENTAL (M.D.S) COMMON ENTRANCE TEST- 2016**

Applications are invited from dental graduates (BDS) for admission to government quota seats in MDS course for the academic year 2016-17 at Narsinhbhai Patel Dental College & Hospital on the basis of merit in the entrance test to be held on 10th April, 2016.

The brochure with the application form will be available on website www.ngu.ac.in & www.npdch.edu.in and at Narsinhbhai Patel Dental College & Hospital, Visnagar from 22/03/2016 to 05/04/2016 between 9:00 a.m to 4:00 p.m. Fees for application form and entrance examination is Rs. 2,000/- to be submitted along with the application in the form of cash or DD in favor of "Narsinhbhai Patel Dental College & Hospital, Visnagar" Last date of form submission is 05/04/2016.
Details of examination, seat availability in different branches are given in the brochure.










# જિલ્લા પંચાયત બેઠક શરૂ થયા બાદ હોબાળો

ભાસ્કર ન્યૂઝ.અમદાવાદ

અમદાવાદ જિલ્લા પંચાયતની સોમવારના રોજ મળેલી બજેટ બેઠકમાં એક તૃતીયાંશ સભ્યોની હાજરીમાં ગૃહની કામગીરી શરૂ કરાઇ હતી. જિલ્લા પંચાયતની રચાયેલી નવી કમિટીઓની દરખાસ્તને બહાલી પણ અપાઇ હતી. પરંતુ પ્રથમ દરખાસ્તની મંજૂરીની પ્રક્રિયા પૂરી થયા બાદ ગૃહમાં પ્રવેશ કરનાર ભાજપના સભ્યોએ ગૃહની સમગ્ર કામગીરી પુનઃ શરૂ કરવાની માંગ કરી હતી. જેનો કોંગ્રેસે વિરોધ કર્યો હતો. ડીડીઓએ નિયમોનું ઉલ્લંઘન કરતાં હોવાનો કોંગ્રેસના આગેવાનોએ રોષ ઠાલવ્યો હતો. સત્તાપક્ષ કોંગ્રેસના નારાજ ત્રણ સભ્યોને કારણે સોમવારે મળેલી બજેટ બેઠકમાં છેલ્લા દસ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર ભારે ઉત્તેજના જોવા મળી હતી. ભાજપના દસ વર્ષના શાસનમાં જિલ્લા ડીડીઓએ એકપણ વાર મીડિયા પર પ્રવેશ ફરમાવ્યો નથી. પરંતુ ભાજપના સત્તાધીશોની જિલ્લા પંચાયત કબજે કરવાની રણનીતિને સમર્થના આપતાં જિલ્લા ડીડીઓએ કોંગ્રેસના શાસનમાં કેમ્પસમાં પોલીસ ખડકી દીધી હતી. ડીડીઓ ભાર્ગવી દવેએ સભ્યો સિવાયના માટે પ્રવેશબંદી ફરમાવી હતી.







